# સેન્સેક્સમાં ૬૫૧ પોઈન્ટનો કડાકો



મુંબઈ,તા. ૩

સીરીયામાં લશ્કરી કાર્યવાહીની દહેશત અને રૂપિયામાં ધોવાણની સ્થિતિ વચ્ચે આજે શેરબજાર ફરી એકવાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થતા કારોબારીઓ ચિંતાતુર દેખાયા હતા. પાંચ દિવસમાં પ્રથમ વખત શેરબજારમાં મોટો કડાકો બોલાયો હતો. એસ એન્ડ પી બીએસઈ બેંચમાર્ક સેન્સેક્સમાં કારોબારના અંતે ૬૫૧ પોઈન્ટનો ઘટાડો થયો હતો. જે એક પખવાડીયાના ગાળામાં સૌથી મોટો ઘટાડો છે. વ્યાપક વેચવાલી આજે જોવા મળી હતી. સીરીયામાં હાલ કટોકટી ઉભી થયેલી છે. ક્રેડીટ રેટીંગ સંસ્થા ભારતના આંકડાને ઘટાડી શકે છે તેવી દહેશત પણ પ્રવર્તી રહી છે. શેરબજારમાં આજે ભારે મંદીના પરિણામ સ્વરૂપે કારોબારીઓ અને રોકાણકારોએ ૧.૬૩ લાખ કરોડ રૂપિયા ગુમાવી દીધા હતા. બીએસઈ પ્લેટફોર્મ ઉપર શેર પૈકી ૧૫૦૦ શેરમાં મંદી રહી હતી. બજારમાં મંદી માટે ઘણા પરિબળો પણ જવાબદાર દેખાઈ રહ્યા છે. ઓક્ટોબર ૨૦૧૧ બાદથી બીજી વખત સૌથી મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. ઈન્ટ્રાડેના કારોબાર દરમિયાન આજે સેન્સેક્સમાં ૭૦૦થી પણ વધુ પોઈન્ટનો ઘટાડો થયો હતો. જોકે, અંતે ૬૫૧ પોઈન્ટના ઘટાડા સાથે ૧૮૨૩૪ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ૨૦૯પોઈન્ટ ઘટીને ૫૩૪૧ની સપાટી પર રહ્યો હતો. આ વર્ષે ૧૯મી ઓગસ્ટના દિવસે બેંચમાર્ક ઈન્ડેક્સમાં ૭૬૯ પોઈન્ટનો ઘટાડો થયો હતો. હળવી શરૂઆત થયા બાદ વેચવાલી તીવ્ર બની હતી. બીએસઈના મોટાભાગના શેરો કડડભુસ થયા હતા. બીએસઈ ૫૦૦ કંપનીઓ પૈકી ઘણાં શેરમાં પાંચ ટકાથી પણ વધુનો ઘટાડો રહ્યો હતો. દરમિયાન એશીયન બજારમાં હકારાત્મક સ્થિતિ રહી હતી. ઘરઆંગણે વેચવાલીનું દબાણ સ્પષ્ટપણે દેખાયું હતું. બેંકીંગ, ઓઈલ એન્ડ ગેસ, કન્ઝ્યુમર ડ્યુરેબલમાં તીવ્ર વેચવાલી રહી હતી. બેંકીંગ ઈન્ડેક્સમાં ૫૨૭ પોઈન્ટનો ઘટાડો થયો હતો

રીલાયન્સમાં આજે સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. તેના શેરમાં છ ટકાનો ઘટાડો થયો હતો. આઈપીસીમાં ૫.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. અન્ય જે શેરમાં મોટો ઘટાડો થયો હતો તેમાં આઈસીઆઈસીઆઈ બેંક, ભારતી એરટેલ, લાર્સન એન્ડ ટુબ્રો, એચડીએફસી બેંક, એચયુએલ, જીન્દાલ સ્ટીલ, ટાટા પાવરનો સમાવેશ થાય છે. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં આશરે બે ટકાનો ઘટાડો થયો હતો. જ્યારે સ્મોલકેપમાં એક ટકાનો ઘટાડો રહ્યો હતો. એકંદરે માર્કેટબ્રિડ્થ નકારાત્મક રહ્યું હતું. ૧૪૭૮ શેર મંદીમાં અને ૮૦૫ શેર તેજીમાં રહ્યાહતા.

## આસારામની જામીન અરજી પર સુનાવણી મુલતવી કરાઈ

જોધપુર, તા.૦૩

બળાત્કારના આક્ષેપોનો સામનો કરી રહેલા વિવાદાસ્પદ ગોડમેન આસારામ બાપુની તકલીફ ઓછી થાય તેમ દેખાઈ રહ્યું નથી. આજે તેમની જામીન અંગેની સુનાવણી બુધવાર સુધી મોકુફ કરી દેવામાં આવી હતી. રાજસ્થાનમાં જોધપુરની કોર્ટે સુનાવણી આવતીકાલ સુધી મોકુફ કરી દીધી હતી. સગીરા ઉપર બળાત્કારના કેસનો સામનો કરી રહેલા આસારામે ગઈકાલની રાત જેલમાં ગાળી હતી. આસારામને ગઈકાલે જ જ્યુડીશીયલ કસ્ટડીમાં લઈ લેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આસારામ હાલમાં ખૂબ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જોધપુરમાં એક દિવસના પોલીસ રિમાન્ડ પુરા થયા બાદ તેમને કોર્ટ સમક્ષ ઉપસ્થિત કરવામાં આવ્યા બાદ ગઈકાલે ૧૪ દિવસ માટે જ્યુડીશીયલ કસ્ટડીમાં લેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જ્યુડીશીયલ કસ્ટડીમાં લેવાનો આદેશ કરવામાં આવ્યા બાદ આસારામને જોધપુર નજીકની જેલમાં લઈ જવામાં આવ્યા હતા. આસારામે જામીન માટેની અરજી વકીલ મારફતે કરી હતી. જેની સુનાવણી આજે આવતીકાલ સુધી મોકુફ કરી દેવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, બળાત્કારના આરોપોનો સામનો કરી રહેલા આસારામ બાપુને જોધપુરની સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યા છે. આસારામને હાલ એજ જગ્યાએ રાખવામાં આવ્યા છે જ્યાં ભવરી દેવી કેસમાં રાજસ્થાનના ભૂતપૂર્વ જળસંશાધન પ્રધાન મહિપાલસિંહ મદેરણા અને ધારાસભ્ય મલખાનસિંહને રાખવામાં આવ્યા હતા. જેલ સૂત્રોના જણાવ્યા મુજબ આસારામ બાપુને બેરેક નંબર ૧માં રાખવામાં આવ્યા છે.

આ એ જ બેરેક છે જ્યાં મહિપાલસિંહ મદેરણાને રાખવામાં આવ્યા હતા. આસારામને બેરેક નંબર ૧માં રાખવામાં આવ્યા છે. આ જેલની બેરેક નંબર ૧ આસારામ માટે જ ખાલી કરાવવામાં આવી હતી પરંતુ આમા કોઈ વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. જેલ સૂત્રોના કહેવા મુજબ આસારામને જેલમાં માત્ર મૂળભૂત સુવિધાઓ જ આપવામાં આવી છે. તેમના માટે કોઈ ખાસ સુવિધા ઊભી કરવામાં આવી નથી. આસારામને હજુ થોડાક સમય સુધી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. જામીન અરજી પર સુનાવણી પણ કાલ સુધી મોકુફ કરી દેવામાં આવી છે.

## ડોલર સામે રૂપિયો ૭૨ની સપાટીએ પહોંચે તેવી વકી

મુંબઈ,તા. ૩

મદ્ય પૂર્વમાં ઉભી થયેલી અનિશ્ચિતતા અને ડોલર સામે રૂપિયામાં ધોવાણની સ્થિતિ વચ્ચે આજે ગોલ્ડમેન સાક્સ દ્વારા ભારતની જીડીપી આગાહીમાં ઘટાડો કરવામાં આવ્યો હતો સાથે-સાથે એવી આગાહી પણ કરવામાં આવી હતી કે, આગામી છ મહિનાની અંદર જ રૂપિયો ડોલર સામે ૭૨ની સપાટી



સુધી પહોંચી શકે છે. ગોલ્ડમેને કહ્યું છે કે, ભારતમાં અમે અમારી સંપૂર્ણ વર્ષની જીડીપી ગ્રોથની આગાહીને છ ટકાથી ઘટાડીને ચાર ટકા કરી રહ્યા છીએ. ગોલ્ડમેને નિવેદનમાં એમપણ કહ્યું છે કે, નજીકના ભવિષ્યમાં ટાર્ગેટને પૂર્ણ કરવાની બાબત મુશ્કેલ દેખાઈ રહી છે. રૂપિયો ૭૨ની સપાટી સુધી પહોંચી શકે છે. વર્તમાન ખાતાકીય ખાદ અને ફિસ્કલ બેલેન્સને લઈને ઘણી ચિંતા પ્રવર્તી રહી છે. ગોલ્ડમેનની આ આગાહીથી કારોબારીઓમાં વધુ ચિંતાનું મોજું ફરી વળ્યું છે અને હાલ રાહત નહીં મળે તેવા સંકેત છે

## યુએસ ઓપન ટેનિસમાં મોટો અપસેટ : રોજર ફેડરરની હાર

ન્યૂયોર્ક,તા. ૩

ન્યૂયોર્કમાં રમાઈ રહેલી વર્ષની અંતિમ ગ્રાન્ડસ્લેમ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં સૌથી મોટો અપસેટ સર્જાયો છે. ૧૭ ગ્રાન્ડસ્લેમ જીતી ચૂકેલા રોજર ફેડરરની ચોથા રાઉન્ડમાં હાર થતાં ટેનિસ ચાહકોમાં હતાશા ફેલાઈ ગઈ હતી. આની સાથે જ ટેનિસ ચાહકોએ ૧૨ વખતના ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન રાફેલ નડાલ અને રોજર ફેડરર વચ્ચેની વધુ એક ડ્રીમ મેચની તક ગુમાવી દીધી છે. ૧૯મા ક્રમાંકિત સ્પેનીશ ખેલાડી ટોમી રોબ્રેડોએ ફેડરર ઉપર ૭-૬, ૬-૩, ૬-૪થી જીત મેળવી હતી. આની સાથે જ તે અંતિમ ૧૬માં પ્રવેશી ગયો હતો. અગાઉ વિમ્બલ્ડનમાં પણ બીજા રાઉન્ડમાં હારી ગયો હતો. યુએસ ઓપનની ક્વાર્ટર ફાઈનલમાં પ્રથમ વખત પહોંચી ચૂકેલો રોબ્રેડો હવે નડાલ સામે આવી શકે છે. સ્વીસ સ્ટાર સામે



અગાઉની તમામ ૧૦ મેચોમાં હાર ખાઈ ચૂકેલો રોબ્રેડોએ રોજર ફેડરર સામે પ્રથમ મેચ જીતી હતી. આની સાથે જ વધુ એક ગ્રાન્ડસ્લેમ જીતવાની ફેડરરની આશા ઉપર પાણી ફળી વળ્યું હતું. ૩૧ વર્ષીય સ્ટાર ખેલાડીએ કહ્યું હતું કે તે હાલમાં ખૂબ સારા ફોર્મમાં ચાલી રહ્યો છે. ફેડરર સામેની જીત તેની સ્વપ્ન સમાન જીત છે. ફેડરરે આ મેચમાં ઘણી બધી ભૂલો પણ કરી હતી. ફેડરર સતત ૩૬ વખત ગ્રાન્ડસ્લેમની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા બાદ વિમ્બલ્ડનમાં બીજા રાઉન્ડમાં તે હારી ગયો હતો. રોજર ફેડરર વર્ષ ૨૦૦૪માં ફ્રેન્ચ ઓપન બાદથી ક્યારેય પણ અંતિમ આઠ પહેલા બહાર થયો ન હતો. વર્ષ ૨૦૦૨ બાદથી ગ્રાન્ડસ્લેમમાં સૌથી નીચી રેન્કીંગ ઉપર રમી રહેલા ફેડરરને આ વખતે સાતમો ક્રમાંક આપવામાં આવ્યો હતો. આની સાથે જ ફેડરર જીમી કોનર્સ દ્વારા ૪૧ ગ્રાન્ડસ્લેમ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવાના કેરિયર રેકોર્ડ સુધી પહોંચવામાં પણ નિષ્ફળ ગયો છે.

**વૈશ્વિક ચલણના મુદ્દે વિશેષ ચર્ચા**

## વડાપ્રધાન આજે જી-૨૦ મીટિંગ માટે રવાના થશે

નવી દિલ્હી, તા.૩

વડાપ્રધાન મનમોહનસિંહ આવતીકાલે સેન્ટપીટર્સબર્ગમાં જી-૨૦ની બેઠકમાં હાજરી આપવા માટે રવાના થઈ રહ્યા છે. વડાપ્રધાનની આ મીટિંગમાં ઉપસ્થિતિને ખૂબ મહત્વ પૂર્ણ ગણવામાં આવે છે. કારણકે આ મીટિંગમાં ટોચના દેશોના નેતાઓ વૈશ્વિક અર્થતંત્ર સામે ઉભા થયેલા પડકારોને પહોંચી વળવાના વિકલ્પ પર ચર્ચાવિચારણા કરશે. તાજેતરમાં ચલણ બજારમાં અંધાધુંધી થયેલી છે. ભારતીય શેરબજારમાં અને સાથે સાથે ભારતીય ચલણમાં પણ ડોલર સામે ધોવાણ થઈ રહ્યું છે.

આ મુલાકાતથી ભારતીય વડાપ્રધાનને બ્રાજિલ, રશિયા, ચીન, દક્ષિણ આફ્રીકાના ટોચના નેતાઓને મળવાની મદદ મળશે. પાંચ ઉભરતા અર્થતંત્ર માર્ચ મહિનામાં ડર્બનમાં એ વાત પર સહમત થયા હતા કે, ૧૦૦ અબજ ચલણ ભંડોળની રચના કરવામાં આવશે. જેથી ઉભી થયેલી કટોકટીને દૂર કરવામાં મદદ મળશે. જી-૨૦ની બેઠકમાં જુદા-જુદા ચલણને લઈને ઉભી થયેલી પરીસ્થિતિ પર ચર્ચા થશે. જી-૨૦ની શિખર બેઠકની શરૂઆત પહેલા આયોજન પંચના નાયબ અધ્યક્ષ મોન્ટેકસિંહ અહાલુવાલીયાએ કહ્યું છે કે, ચલણ બજારમાં અંધાધુંધીના પાસા ઉપર મુખ્યરીતે ચર્ચા થશે. અહાલુવાલીયાનું કહેવું છે કે, વેપાર અને ઉર્જા સુરક્ષાના પાસા ઉપર પણ ચર્ચા વિચારણા કરવામાં આવશે. વૈશ્વિક રિકવરી, રોજગારી સહિતના પાસાઓ ઉપર ચર્ચા થશે. ભારત ઉપરાંત જી-૨૦ના દેશોમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, અર્જેન્ટીના, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સીકો, રશિયા, સાઉદી, આફ્રીકા, દક્ષિણ કોરીયા, તુર્કી, બ્રીટેન અને યુરોપીયન યુનિયનનો સમાવેશ થાય છે.

**નવાં ક્લેવર** (પાના નં. ૪નું ચાલુ)

થવા કાળ હોય તે થાય. તેને કોણ રોકી શક્યું છે. તેમને હર્ષને ફોન કર્યો. તેને જવાબ આપ્યો કે હમણાં રજા મળી શકે તેમ નથી. સોરી પપ્પા તમે બે ચાર જણને ભેગા કરી બધું પતાવી દેજો. પૈસાની ચિંતા કરતા નહીં.

હેમલતા દીકરાનું મોં જોયા વિના જ જતી રહી. તેની અંતિમ ક્રિયા પડોશીઓ અને સંબંધીઓની મદદ અને આત્મીયતાથી થઇ ગઇ. આજે બારમું હતું. આવેલા લોકો જતા રહ્યા હતા. અમે બે-ચાર પડોશીઓ બેઠા હતા. આ ઘરમાં હવે હેમંતભાઇ અને હેમલતાની સ્મૃતિઓ રહી ગઇ હતી. હેમંતભાઇ હવે દિવાલ તરફ જોતા બેઠા હતા. હેમલતાનો ચહેરો સામે આવીને જાણે કે વારંવાર તેમને પ્રશ્ન પુછતો હતો કે ‘હર્ષ અને મારો પૌત્ર ક્યારે આવશે? તેમને હું ક્યારે જોઇશ.’ કદાચ પૈસા ઓછા મળત પણ દીકરો અહીં નોકરી કરતો હોય તો તેને બહાર શું કામ મોકલ્યો? મને આ સંસારમાં કયું સુખ મળ્યું. મને બે ઘડી દીકરા સાથે વાત કરવાનું સુખ પણ ન મળ્યું. આખો દિવસ એકલા બેઠાં કાઢ્યો કેમ? રોજ રોજ એકલી કોને ઘરે વાત કરવા જઉં. મારા દુઃખને કોઇએ સમજ્યું ખરૂં? આવા તો કોણ જાણે કેટલાય પ્રશ્નો હેમલતાના અનેક ચહેરા જાણે કે પુછતા હતા. તેની સામે હેમંતભાઇ ઉદાસ બેઠા હતા.

કાયમ આનંદ આપનારૂં આ મકાન આજે હેમંતભાઇ ને કોચવાતું હતું. હેમાના પ્રશ્નો તેને કાંટાની જેમ ભોંકાતા હતા. હેમંતભાઇના મનમાં એક પ્રશ્ન ઉઠ્યો. હવે ક્યાં જાઉં.

હું તેમની પાસે બેઠેલો હતો તેને ઘણો સમય વીતી ગયો. પણ તેમનો ઉદાસ ચહેરો અને ટપકતાં આંસુ મને ઊભો થવા દેતા ન હતા. દિવસ આથમવા આવ્યો હતો. અચાનક મેં કહ્યું, ‘જુઓ ને આપણું તો ધ્યાન જ ન રહ્યું. અંધારૂં થવા આવ્યું. લાઇટ કરૂં’ એમ કહીને મેં ઊભા થઇ સ્વીચ દબાવી. ઓરડામાં ટ્યુબ લાઇટ ઝળહળી ઉઠઇ. પણ તેમાં રોજ જેવો ઉજાસ ન હતો. હેમંતભાઇ દિવાલ પર ટીંગાડેલ હેમલતાના મોટા ફોટા તરફ એક નજરે જોઇ રહ્યા. મૌન પ્રસરી ને આખા ઓરડાને પોતાના ભરડામાં લઇ રહ્યું હતું. હું જમીન તરફ જોઇ રહ્યો.

- vanvihari@gmail.com

## નોકિયા હેન્ડસેટના કારોબારને આખરે માઈક્રોસોફ્ટે ખરીદયો

ન્યૂયોર્ક,તા. ૩

મહાકાય કંપની માઈક્રોસોફ્ટે આજે સવારે જાહેરાત કરી હતી કે તે ૫.૪૪ અબજ યુરોની રકમમાં નોકિયાના મોબાઈલ ફોન બિઝનેસને ખરીદી લેશે. સાથે સાથે નવા આયોજન સાથે આ બિઝનેસને આગળ વધારશે. ફિનિશ કંપનીએ કહ્યું છે કે તેના સીઈઓ સ્ટીફન ઈલોપ જ્યારે આ લેવડ દેવડ અંગે નિર્ણય લેવાઈ જશે ત્યારે માઈક્રોસોફ્ટમાં સામેલ થઈ જશે. વિશ્વભરમાં મોબાઈલ ફોનના ક્ષેત્રમાં કોઈપણ વિવાદ વગર વર્ચસ્વ જમાવી ચૂકેલી ફિનલેન્ડની કંપની નોકિયા સામે હાલમાં એપલ અને સેમસંગ જેવી મહાકાય કંપનીઓએ પડકાર ઊભા કર્યા છે. સેમસંગે ઘણા ક્ષેત્રોમાં નોકિયાને પછડાટ પણ આપી ચૂકી છે. આ બે મહાકાય કંપનીઓ સામે સ્પર્ધામાં મુશ્કેલી અનુભવ કરી રહેલી નોકિયાએ મોબાઈલ ફોન બિઝનેસને વેચી દેવા તૈયારી દર્શાવી છે. એપલ અને સેમસંગ જેવા સ્માર્ટ ફોન બનાવતી કંપનીઓ જટિલ સમસ્યાઓ ઊભી કરી રહી છે. માઈક્રોસોફ્ટના અનટેસ્ટેડ વિન્ડો ફોન સોફ્ટવેર સ્વીકારવા ૨૦૧૧માં ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૪ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આ સમજૂતી થાય તેવી શક્યતા છે. નોકિયાના શેર ધારકો અને રેગ્યુલેટરી મંજૂરી મેળવવાની હજુ બાકી છે. માઈક્રોસોફ્ટ સાથે ૨૦૧૧માં નોકિયાએ ભાગીદારી કરી હતી અને તેના મોબાઈલ ફોનને ચલાવવા માટે માઈક્રોસોફ્ટના વિન્ડો સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માઈક્રોસોફ્ટના વિદાય લેતા સીઈઓ સ્ટીવ બાલમરે કહ્યું છે કે ભવિષ્ય માટે ખૂબ સાહસી નિર્ણય લેવામાં આવનાર છે. કર્મચારીઓ, શેરધારકો અને બંને કંપનીઓના ગ્રાહકોને આના લીધે ફાયદો થશે. બે કુશળ ટીમો એક સાથે આવવાથી માઈક્રોસોફ્ટના શેર અને ફોનમાં નફો સતત વધશે. આનાથી માઈક્રોસોફ્ટ અને તેના પાટનરોની એકંદરે તકો વધી જશે. માઈક્રોસોફ્ટના વડા તરીકેની જવાબદારી બાલ્મર નિવૃત્ત થઈ ગયા બાદ ઈલોપ સંભાળે તેવી શક્યતા દેખાઈ રહી છે.

### નોકિયા કરારની સ્ટાફને ઇમેઇલ દ્વારા જાણ કરાઇ

ન્યુયોર્ક,તા. ૩

મહાકાય કંપની માઇક્રોસોફ્ટે નોકિયાના મોબાઇલ કારોબારને ખરીદી લેવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ આ અંગે માઇક્રોસોફ્ટના સીઇઓ દ્વારા સમજુતી અંગે સ્ટાફને જાણ કરવામાં આવી હતી. નોકિયા કરાર અંગે વિધીવત માહિતી તમામ સ્ટાફના સભ્યોને કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૫.૪૪ અબજ યુરોમાં આ સમજુતી કરી લેવામાં આવી છે. આ સમજુતીથી માઇક્રોસોફ્ટ અને નોકિયાના કર્મચારીઓ રાહત અનુભવી રહ્યા છે. તાજેતરમાં સેંમસંગ અને અન્ય મોટી ફોન કંપનીઓ મોટા પડકાર ઉભા કરી રહી હતી. હવે વધુ જોરદાર રીતે સ્પર્ધા થાય તેવી વકી છે. મોબાઇલ ગ્રાહકોને પણ વધુ ફાયદો થશે.

## સીરીયામાં મિસાઈલ હુમલો કરાયાના હેવાલથી ચકચાર

મુંબઈ,તા.૩

સીરીયામાં હુમલાનું સંકટ તોડાઈ રહ્યું છે. સીરીયાના ટીવીચેનલ અને રશિયન સંરક્ષણ મંત્રાલયના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સીરીયા તરફ બે મિસાઈલો ઝીંકવામાં આવી છે. આ મિસાઈલ હુમલાથી ગેસ પાઈપલાઈનને નુકશાન થયું છે. સીરીયા ઉપર મિસાઈલમારો કરાયો છે તેવા અહેવાલ આવ્યા બાદ તેની ખૂબ માઠી અસર ભારતીય શેરબજાર ઉપર થઈ હતી અને આ વર્ષનો બીજો સૌથી મોટો ઘટાડો બોલાયો હતો. જોકે, ઈઝરાયલે કહ્યું છે કે, તે અમેરિકાની સાથે મળીને દરીયામાં મિસાઈલનું પરીક્ષણ કરી રહ્યું છે. સીરીયા ઉપર કોઈ હુમલો કરાયો નથી. પરંતુ આ મિસાઈલ હુમલાના અહેવાલથી સમગ્ર દુનિયામાં સોપો પડી ગયો છે. આ અગાઉ રશીયાએ અમેરિકાને ચેતવણી આપી હતી કે, સીરીયા ઉપર હુમલો કરાશે તો ગંભીર પરીણામો આવશે. અમેરિકાનો આક્ષેપ છે કે, સીરીયા સરકારે રાસાયણિક હુમલામાં સરીનગેસનો ઉપયોગ કર્યો છે. આ રાસાયણિક હુમલામાં ૧૪૦૦ લોકોના મોત થઈ ગયા છે. દરમિયાન અમેરિકામાં આ બાબતને લઈને અટકળો ચાલી રહી છે કે, પ્રમુખ બરાક ઓબામાની યોજના સીરીયામાં વ્યાપક હુમલાઓ કરવાની છે.અત્રે ઉલ્લેખનીય છે કે, ગયા મહીને સીરીયામાં થયેલા રાસાયણિક હુમલા બાદથી તર્ક વિતર્કોનો દોર ચાલી રહ્યો છે.

માર્ચ ૨૦૧૧ બાદથી સીરીયામાં ચાલી રહેલા સંઘર્ષમાં એક લાખથી પણ વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘનું કહેવું છે કે, સીરીયામાં ચાલી રહેલા રક્તપાતના કારણે હજુ સુધી ૨૦ લાખથી પણ વધુ લોકો ઘર છોડીને અન્યત્ર જતા રહ્યા છે અને શરણાથી તરીકેની લાઈફ ગાળી રહ્યા છે. શરણાર્થીઓની આ સંખ્યા છ મહીના અગાઉની સરખામણીમાં બે ગણી છે. ઘણાં લોકો તુર્કી, જ્યોર્ડન અને લેબનોન જેવા પડોશી દેશોમાં ગતા રહ્યા છે. આશરે સાત લાખ જેટલા સીરીયન લોકો એકલા લેબનોનમાં શરણાર્થી સ્વીકારી ચુક્યા છે.

**Hello ફ્રેન્ડસ!** (પાના નં. ૪નું ચાલુ)

શરીર માટે જેટલું ફ્રિડમ ભોગવવાં તૈયાર થાય છે, એટલું જ વિચારોનું - ભાવનાનું ફ્રિડમ જોઈએ કે નહીં? પ્રેમમાં પડ્યાં બાદ જો એ સંબંધ ટકે નહીં તો એમાં ભૂલ માત્ર છોકરીઓની જ નથી હોતી, બંનેની હોય છે, એટલે એ સંબંધના અપયશનો ટોપલો એકલો છોકરીએ માથે કરવાની જરૂર નથી. પ્રેમનાં સંબંધમાં વિચારપૂર્વક નિર્ણય લેવો મહત્ત્વનો છે. માનસિક ધોવાણમાંથી આજની યુવતીઓ સંપૂર્ણપણે બહાર નીકળી શકી નથી એ વાત અસ્વસ્થ કરનારી છે.

છોકરીઓનો પહેરવેશ બદલાયો, એમની ભાષા બદલાઈ, તેઓ વિવિધક્ષેત્રે કરિઅર બનાવવા લાગી છે. ઉચ્ચ શિક્ષણ લેવા લાગી છે. પોતાના વિચાર રજૂ કરવામાંય આગ્રહી બની છે, એટલે શું સાચ્ચે જ સ્ત્રી-પુરૂષ સમાનતા આવી ગઈ છે? સ્ત્રીઓનું માનસિક પરાવલંબન ખતમ થઈ ગયું છે? જરા આજુબાજુ જોઈ ચેક કરજો ને.

**ચૂંટલો :**

લગનનો શાલુ ઓઢી સંસારમાં ગોઠવાતી પ્રથમ પ્રેમભંગ થયેલી યુવતીનાં કિસ્સાને સ્ત્રીવાદી ભૂમિકામાં ટીલા લગાડ્યાં વગર - માણસાઈની નજરથી જોવામાં આવે તો આપણાં સમાજની સડેલી સિસ્ટમ ધ્યાને આવે જશે.

## સમાચાર ઝલક

- ♥ સચિન તેંડુલકર નિવૃત્તિ લેવાનો નથી, આવતા વર્ષે ઇંગ્લેન્ડ સામે રમશે.
- ♥ ચાંદનીકાંડ : હાઇકોર્ટના ચુકાદા સામે કોળી સમાજ સુપ્રીમ કોર્ટમાં જવા તૈયાર.
- ♥ દેશમાં સ્ટોરેજ સુવિધાના અભાવે વાર્ષિક ૨ લાખ કરોડનાં ફળ-અનાજ-શાકભાજી સડી જાય છે.
- ♥ ચોટીલામાં રોહિદાસ આશ્રમના મહંતની ક્રૂર હત્યા.
- ♥ ૨૦૦૬ પહેલાં નિવૃત્તને પણ છઠ્ઠા પગારપંચનો લાભ મળશે, સુપ્રિમનો ચુદાદો.
- ♥ ખાદ્ય-સામગ્રી કરિયાણાના ભાવમાં તોળાતો ૨૦%નો વધારો.
- ♥ ભારતીય લોકોનાં ફેફસાની કામગીરી ૩૦ ટકા નબળી : પ્રદૂષણ જવાબદાર.
- ♥ જમીન સંપાદન ખરડાથી પ્રોપટીના ભાવોમાં ૩૦%નો ઘટાડો.
- ♥ દિલ્હી અને ઇસ્લામાબાદ નક્કી કરે તો ગુજરાત પાવર આપશે.
- ♥ અયોધ્યામાં ફરી શરદપુનમે મંદિર નિર્માણ માટે રણટંકાર.
- ♥ પૂ. મોરારીબાપુના દાન રૂા. એક લાખથી ઝવેરચંદ મેઘાણી સ્મારકના શ્રીગણેશ થશે.
- ♥ તા.૬ઠ્ઠી સપ્ટેમ્બરથી પુનઃ વિધાનસભા મતદાર યાદી સુધારણાની શરૂઆત.
- ♥ અમેરિકા સિરીયા પર હુમલો કરશે તો અલકાયદાને ફાયદો થશે.
- ♥ સ્પોટર્સ વર્લ્ડમાં સૌથી વધુ ધનવાન ખેલાડીનું બિરૂદ મશહૂર ખેલાડી ટાઇગર વુડ્સ.
- ♥ માછીમારો માટે ૨૧ કરોડનું પેકેજ જાહેર કરતી સરકાર.
- ♥ પુત્રી,પત્ની અને સાસુ-સસરાની હત્યા કરી ડોક્ટર પતિનો આપઘાત, ઇન્દોરની કરૂણ ઘટના.
- ♥ ગુજરાતનો દરિયાકાંઠો દેશના વિકાસમાં ઝળહળતો હશે : નરેન્દ્રભાઇ મોદી
- ♥ ફિક્કીની માગ, બધા જ અટકેલા પ્રોજેક્ટોને મંજુરી આપો.
- ♥ ડોલરની સામે રૂપિયો કમજોર, શેરબજાર પણ નબળુ.
- ♥ સતત પાંચમા દિવસે આવકવેરાના દરોડા વડોદરામાં ચાલું.
- ♥ એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાંથી મહિલા આરોપી ફરાર, પોલીસની નિષ્ક્રીયતા સામે આવી.
- ♥ જમ્મુમાં ભૂકંપનાં આંચકા.